


ડીસા પંથકમાં વાતાવરણમાં એકા-એક નાટ્યાત્મક રીતે પલટો આવતા ધોધમાર વરસાદ ખાબક્યો હતો. વરસાદ વરસતા અસહ્ય ગરમી બાદ સમગ્ર વિસ્તારમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. જ્યારે ખેડૂતોને ખેતીમાં વ્યાપક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. ભાદરવા માસની અસહ્ય કાળઝાળ ગરમી છેલ્લા કેટલાક સમયથી પડી રહી છે ત્યારે પ્રજાજનો ભારે તોબા - તોબા પોકારી ગયા હતા. પરંતુ વાતાવરણમાં ગત રોજ સાંજથી એકા-એક પલટો આવ્યા બાદ વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. આમે આજે સવારથી ચોમાસાનો માહોલ સર્જાયો હતો. બાદમાં ઠેક - ઠેકાણે વરસાદના પાણી ભરાયા હતા. જ્યારે કમોસમી વરસાદથી ખેડૂતોને ખેતીમાં વ્યાપક નુકસાન થયું હોવાના અહેવાલ સાંપડી રહ્યા છે.
(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# સાબરકાંઠા - અરવલ્લી જિલ્લામાં વરસાદ ખાબક્યો

## અસહ્ય ગરમી બાદ ઠંડક પ્રસરતા લોકોમાં રાહત : ખેડૂતોના પાકને વ્યાપક નુકસાન

ભિલોડા, તા. ૨૨

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાનાં ભિલોડા, શામળાજી, વિજયનગર, દઢવાવ, ચિઠોડા, ઈડર સહિતના અનેક પંથકમાં વાતાવરણમાં એકા-એક નાટ્યાત્મક રીતે પલટો આવતા ધોધમાર વરસાદ ખાબક્યો હતો. વરસાદ વરસતા અસહ્ય ગરમી બાદ સમગ્ર વિસ્તારમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. જ્યારે ખેડૂતોને ખેતીમાં વ્યાપક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાદરવા માસની અસહ્ય કાળઝાળ ગરમી છેલ્લા કેટલાક સમયથી પડી રહી છે ત્યારે પ્રજાજનો ભારે તોબા - તોબા પોકારી ગયા હતા. પરંતુ વાતાવરણમાં ગત રોજ સાંજથી એકા-એક પલટો આવ્યા બાદ વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. આમે આજે સવારથી ચોમાસાનો માહોલ સર્જાયો હતો. બાદમાં ઠેક - ઠેકાણે વરસાદના પાણી ભરાયા હતા. જ્યારે કમોસમી વરસાદથી ખેડૂતોને ખેતીમાં વ્યાપક નુકસાન થયું હોવાના અહેવાલ સાંપડી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે ખેડૂતોનો તૈયાર થયેલ કપાસ, મકાઈ, તુવેર સહિતના વિવિધ પ્રકારના પાકો ઠેર ઠેર જમીન દોષ બનતા ખેડૂતોને મોટાપાયે નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. વરસાદના પગલે ભિલોડા અને કણાદર પંથક સહિતના વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયાના પણ સમાચાર મળ્યા હતા.

# મોડાસાના વાંટડા ટોલટેક્ષ પાસેથી રૂ. ૨૨ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

## કુલ ૫૬૦ પેટી દારૂ-બિયર સહિત ૩૨ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે : ત્રણ શખ્સોની ધરપકડ : આર આર. સેલનો સપાટો

મોડાસા, તા. ૨૨




ગાંધીનગર આર.આર. સેલને મળેલી બાતીના આધારે મોડાસાના રાજેન્દ્રનગર નજીક આવેલ વાંટડા ટોલટેક્ષ પર ટીમે વોચ ગોઠવી હતી અને રાજસ્થાનથી ગુજરાતમાં ઘુસાડવામાં આવતો રૂ. ૨૨ લાખ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી ત્રણ શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી તેમના વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર આર.આર.સેલના પી.એસ.આઈ. બોડાણાને મળેલી બાતમીના આધારે તેમની ટીમે મોડાસાના રાજેન્દ્રનગર નજીકના વાંટડા ટોલટેક્ષ વોચ ગોઠવવામાં આવી હતી ત્યારે રાજસ્થાન તરફથી આવતી ટ્રક નં. આર.જે.૧૪-જીએ-૧૧૨૪ની તલાસી લેતા તેમાંથી વગર પાસ પરમીટનો વિદેશી દારૂ અને બિયરની કુલ ૫૬૦ પેટીઓ મળી આવી હતી જેની કિ. રૂ. ૨૨,૬૩,૨૦૦ થાય છે.

જ્યારે ૧૦ લાખની ટ્રક, રૂ. ૩૦૦૦ ના બે મોબાઈલ તેમજ રૂ. ૫૦૦ની તાડપતરી મળી કુલ રૂ. ૩૨,૬૬,૭૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને આ દારૂની ગેરકાયદેસર હેરફેરમાં સામેલ જીતેન્દ્ર શ્યામસિંહ જાટ (રહે. રેવાડી હરિયાણા), નિઝામ સુલતાન તૈલી (રહે. ખોડીયામોર, આગ્રા), તથા ભરત ઉર્ફે કાલુરામ ખેમરાજ રાઠી (રહે. મહેશ્વરી કોલોની રાજસ્થાન)ની ધરપકડ કરવામાં આવી હતી.

જ્યારે પ્રદિપ નામનો વ્યક્તિ ફરાર થઈ ગયો હતો. આમ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે રેન્જ આઈજી શમશેરસિંગની બદલી થયા બાદ લાઈન ચલાવતા શખ્સો સક્રીય થયા છે. અને મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઘૂસાડવામાં આવી રહ્યો છે.

### ડીસા પંથકમાં વકરતાં જતા રોગચાળા વચ્ચે

# ડીસા તાલુકા હેલ્થ અધિકારી ડૉ. જીવરાણીની બદલી : અનેક તર્ક-વિતર્ક

## ટી.એચ.ઓ. જીવરાણીને દાહોદના ધોલપુરા સી.આર.સી. ખાતે ખસેડાયા

ડીસા, તા.૨૨

ડીસા તાલુકામાં ચોમાસાની સિઝન બાદના શરૂ થયેલા રોગચાળાથી ખાનગી અને સરકારી હોસ્પિટલો ઉભરાઈ રહી છે ત્યારે શનિવારે ડીસાના લોધાવાસમાં ૯ વર્ષીય બાળકી શંકાસ્પદ ડેન્ગ્યુના કારણે મોતને ભેટી હતી. સરકારે આ બાબતે ભારે ગંભીરતાથી લઈ આરોગ્યલક્ષી સેવાઓને વેગવંતુ બનાવી હતી. તેવા જ સમયે સરકારની સીધી સૂચનાએ છેલ્લા પાંચ વર્ષથી ડીસા તાલુકા હેલ્થ ઓફિસર તરીકે સેવા બજાવતા ડૉ. મહેશ જીવરાણીની પણ તાત્કાલિક અસરથી દાહોદ બદલી કરતાં અનેક તર્ક - વિતર્ક ફેલાયેલા છે.

આ અંગેની મળતી વિગતો જોતાં ડીસા શહેરી વિસ્તાર રાજપુર, લોધાવાસમાં ગંદકીના લીધે મચ્છર જન્ય રોગચાળો ફેલાયો હતો. સ્થાનિકોએ અનેકો વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરીને આ રોગચાળો અટકાવવા પાલિકા તંત્ર અને આરોગ્ય તંત્રને જણાવ્યું હતું.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

જોકે તંત્રની નિષ્કાળજી વચ્ચે ગઈકાલે શનિવારે આ વિસ્તારમાં રહેતી અરૂણાબેન વાસુદેવ લોધા (ઉ.વ. ૯) નામની બાળકીનું શંકાસ્પદ ડેન્ગ્યુએ મોત થયું હતું. જેનાથી સ્થાનિકોમાં રોષ ફેલાયો હતો. જોકે તે બાદ ડીસા અર્બન હેલ્થ અને ડીસા તાલુકા હેલ્થ અધિકારીએ સર્વે હાથ ધરી દેવાતા છંટકાવ તેમજ શંકાસ્પદ લક્ષણો જણાતા દર્દીઓના લોહીના નમૂના લીધા હતા. જ્યારે બીજી તરફ બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારીની સૂચનાએ રાજ્યના આરોગ્ય વિભાગે કરેલ તાલુકા હેલ્થ અધિકારી ડૉ. મહેશ જીવરાણીની બદલીના હુકમની બજવણી કરવા એક ટીમ ડીસા આવી હતી. જેમને ડૉ. મહેશ જીવરાણીને તાલુકા હેલ્થ અધિકારી ડીસાના હોદ્દા પરથી છુટા કર્યા હતા અને તેનો ચાર્જ ડાવસના ડૉ. ઉમેશ ઝવેરીને સોંપ્યો હતો. રાજ્ય સરકારના આ હુકમમાં તત્કાલિન તાલુકા હેલ્થ અધિકારી ડૉ. મહેશ જીવરાણીને દાહોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ધોલપુર ખાતે બદલી કરાયેલ હોવાનું જણાવાયું હતું. આમ, શંકાસ્પદ ડેન્ગ્યુના તાવથી બાળકીના મોતના બનાવની સાંજે જ ડીસા તાલુકા હેલ્થ અધિકારી ડૉ. મહેશ જીવરાણીની સરકારે બદલી કરતાં અનેક તર્ક-વિતર્ક ફેલાયેલ છે.



પાલનપુરમાં બ્રહ્મસમાજ ભવન ખાતે જાણીતા ઈતિહાસવિદ્ ડૉ. શરદ હેબાલકર દ્વારા હિન્દુસ્તાનમાં પૂર્વ ઈતિહાસ અંગે વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પ્રમુખ શૈલેષભાઈ જોષી, પ્રો. ગીરીશભાઈ ઠાકર અને એમ.પી. હાથી સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.
(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પ્રાંતિજના શ્રીમાળી સોની સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૨

પ્રાંતિજના સાંપડ ખાતે આવેલ કાલિકા માતા મંદિર ખાતે પ્રાંતિજ શ્રીમાળી સોની સમાજનો સ્નેહમિલન અને તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં સમાજના આગેવાનો અને જ્ઞાતિબંધુઓ હાજર રહ્યા હતા.

પ્રાંતિજના સાંપડ સ્થિત કાલિકા મંદિરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રાંતિજની આસપાસના વિસ્તારોમાં રહેતા શ્રીમાળી સોની સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાયો હતો. જેમાં કાર્યક્રમના પ્રારંભે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. બાદમાં ધોરણ-૧ થી કોલેજ સુધીના સમાજના તેજસ્વી તારલાઓને મોમેન્ટો આપી પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે દર્શનભાઈ સોની, બીપીનભાઈ સોની, ભરતભાઈ સોની, પારસભાઈ સોની, ભૂપેન્દ્રભાઈ સોની સહિત અનેક આગેવાનો વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

# બનાસડેરી દ્વારા પાલનપુર ખાતે પશુપાલન શિબિર યોજાઈ

## ઉત્તર ભારતના ધાર્મિક સ્થળોએ પણ બનાસડેરીનું દૂધ મળે છે : પરથીભાઈ ભટોળ

પાલનપુર, તા. ૨૨

સમારોહના અધ્યક્ષ સ્થાનેથી ઉદ્‌બોધન કરતા બનાસડેરીના ચેરમેન શ્રી પરથીભાઈ ભટોળે જણાવેલ કે બનાસડેરી એશિયા ખંડમાં પ્રથમ સ્થાને નામના મેળવેલ છે ત્યારે તેની જવાબદારીઓ પણ વધતી જ જાય છે અને તે નામના જાળવી રાખવા માટે આપણે મંડળી કક્ષાએથી ગુણવત્તાસભર બનવું પડશે. અત્યારે ૯૧૦ દૂધ મંડળીઓએ આઈ.એસ.ઓ. સર્ટીફીકેશન મેળવેલ છે અને બાકીની દૂધમંડળીઓ પણ ટૂંક જ સમયમાં મેળવશે. પરંતુ આટલેથી જવાબદારી પૂર્ણ થતી નથી એ પ્રમામપત્ર જાળવી રાખવા સતત નવા - નવા સુધારાઓનું અમલીકરણ કરતા રહેવું પડશે તો જ આપણે દૂધની ક્વોલીટી જાળવી રાખીશું. આપણે દૂધની ક્વોલીટી જાળવવા અત્યારે જિલ્લામાં ૧૦૦૦ દૂધમંડળીઓમાં બલ્કકુલરો પ્રસ્થાપિત કર્યા છે અને એકાદ વર્ષમાં બાકીની તમામ મંડળીઓ પર બલ્કકુલરો પ્રસ્થાપિત થશે તેવો દઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. વધુમાં વર્તમાન સમયમાં


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



પશુપાલકોએ વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કરી પશુદીઠ દૂધ ઉત્પાદકતા વધારવી, સમતોલ પશુઆહાર અંતર્ગત પશુ આહાર ખર્ચ ઘટાડવો તેમજ પશુ સંવર્ધન સારી રીતે કરી ઓલાદ સુધારણા કરવી પડશે તેમજ આપણી કાંકરેજી ગાયની ઓલાદો વસાવવા જણાવેલ ત્યારે મહિલા દૂધ સભાસદોએ સહર્ષ સ્વીકારી હતી તેમજ ઉત્તર ભારતના ધાર્મિક સ્થળો જેવા કે કેદારનાથ, બદ્રીનાથ, હરીદ્વાર, મથુરા વગેરે સ્થળોએ આપણી બનાસ ડેરીનું દૂધ મળે છે, આપણે પણ ત્યાં જઈશું તો આપણા દૂધની ચા પીવા મળશે જે આપણા સૌના માટે ગૌરવસમાન છે.

ડૉ. નિકમે પશુ બિમારીઓ અને નિદાન વિશે જણાવેલ, ડૉ. હરીભાઈએ સમતોલ પશુ આહાર વિશે સમજુતી આપી હતી. ડૉ. દેશમુખે પશુસંવર્ધન વિશે સમજણ આપી હતી. ત્યારબાદ ડૉ. વાઘેલાએ આઈ.એસ.ઓ. સર્ટીફિકેટ અને તેના અમલીકરણ વિશે સમજુતી આપી હતી તેમજ સંઘના એમ.ડી. શ્રી સંજય કરમચંદાનીએ જણાવેલ પશુપાલકોને સ્વચ્છ અને ભેળસેળ વિનાનું દૂધ ભરાવવાનો આગ્રહ વ્યકત કર્યો હતો. ત્યારબાદ આઈ.એસ.ઓ. સર્ટીફિકેટ દુધમંડળીઓને એનાયત કરવામાં આવ્યા હતા.

## ઝુલાસણ હાઈસ્કૂલનું ગૌરવ

ઝુલાસણ, તા. ૨૨

કડી તાલુકાના ઝુલાસણ ગામની વિદ્યાર્થીનીએ જિલ્લાકક્ષાની



એથ્લેટીક્સમાં ત્રણ રમતોમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી ગામનું તથા હાઈસ્કૂલનું ગૌરવ વધારેલ છે.

ઝુલાસણની સી.પી. ગજ્જર હાઈસ્કૂલમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી કુ. લીલાબેન ઠાકોર જિલ્લાકક્ષાની હીરવાણી મુકામે શાળાકીય અંડર-૧૭ એથ્લેટીક્સ સ્પર્ધામાં લાંબીકૂદમાં તેમજ જિલ્લાકક્ષાની (પાયકા) ગ્રામીણ રમતોત્સવ એથ્લેટીક્સ સ્પર્ધા છાબલીયા મુકામે યોજાયેલ તેમાં લાંબીકૂદ અને ૧૦૦ મીટર દોડમાં પણ પ્રથમ સ્થાન મેળવી રાજ્યકક્ષાએ પસંદગી પામેલ છે. તેણીએ સંસ્થા તેમજ ગામનું ગૌરવ વધારેલ છે તે બદલ તેણીને તથા તેણીના માર્ગદર્શક શિક્ષક બી.એલ. પટેલને શાળા પરિવાર વતી આચાર્યા એ.પી. પ્રજાપતિએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન